# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ — સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સ્વરાજ की शाला - शिशुविहार 75 स्थापना १९३९ — २०२१-२०२२ स्वातंत्र्य - अमृत महोत्सव

સળંગ અંક : ૯૫૦ • ૧૫ જૂલાઈ ૨૦૨૪ • પાનાં : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦


## નગરપાલિકામાં ભણતાં ૧૭૦૦ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ કીટનું વિતરણ




શિશુવિહારનાં ઉપક્રમે સતત ૧૪મા વર્ષે ૧૭૦૦ ગરીબ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ, નોટબૂક, કંપાસ સેટ તેમજ વોટરબોટલનું વિતરણ કરાયું.

શિક્ષકોનાં સામાજિક ઉત્તરદાયિત્વ કાર્યક્રમ અંતર્ગત દાતા શ્રી ઝંખનાબહેન વોરા, શ્રી હીનાબહેન ઓઝા તથા શ્રી ઝોયા ભારમલનાં આર્થિક સહયોગથી નગરપાલિકાના શાળા શિક્ષકો દ્વારા પસંદ કરેલ મા અથવા પિતાના સહકાર વિના શિક્ષણ લેતા બાળકોને વર્ષ ૨૦૨૪-૨૫ના શૈક્ષણિક સત્રના પ્રારંભે સાધન સહાય પહોંચાડવામાં આવી છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને વિભાગના સહકારથી પ્રતિ વર્ષ યોજાતા કાર્યક્રમનાં બીજા ચરણમાં શિક્ષકો સાથે તેમની સામાજિક જવાબદારી વિષયે વાર્તાલાપ યોજવામાં આવશે અને શ્રમિક બાળક શિક્ષણની મુખ્યધારામાંથી બહાર ન આવે તે માટે શિક્ષકો પણ પ્રોત્સાહન આપનાર બનશે. નગરપાલિકાની શાળાનાં શિક્ષકો તથા શિશુવિહાર સંસ્થાનાં આ પ્રયત્નોની અસરકારકતા ભુજ, સુરત, રાજકોટ, વડોદરાં જિલ્લામાં વિસ્તરી છે, જે નોંધનીય છે.


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ




❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736


## સર્વ રોગ નિદાન શિબિર



શિશુવિહાર તથા શ્રી સહજાનંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફિઝીયોથેરાપીનાં સંયુક્ત ઉપક્રમે ડાયમંડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલના સહયોગથી સાર્વજનિક નિદાન અને દવા વિતરણ કેમ્પ તા. ૨૩ જૂન રવિવારે સંસ્થાના પ્રાંગણમાં યોજાયો. ભાવનગરના જાણીતા નિષ્ણાંત ઓર્થોપેડિક, ન્યુરો ફિઝિશ્યન, એમ.ડી.ફિઝિશ્યન, ગાયનેકોલોજીસ્ટ, પીડીયાસ્ટ્રીક, જનરલ સર્જન, હોમિયોપેથી ફિઝિયોથેરાપિસ્ટ, ફેમીલી ફિઝિશ્યન, ડેન્ટિસ્ટ ડોક્ટરની ટીમ દ્વારા ૨૩૫ થી વધુ દર્દીઓની વિનામૂલ્યે તપાસ કરી જરૂરી






દવાઓ આપવામાં આવેલ. આ ઉપક્રમે ડાયાબિટીસ, બીપી અને ઈ.સી.જી પ્રકારે સુવિધાઓ પણ નિ:શુલ્ક રીતે પૂરી પાડવામાં આવેલ. આઇ.સી.દવે પરીવારનાં વિશેષ સહકારથી યોજાએલ આરોગ્ય શિબિરમાં સેવાર્થી તમામ નિષ્ણાત ડૉક્ટરોનું શિશુવિહાર સંસ્થા દ્વારા ખેસ, ટ્રોફી તથા સાહિત્યથી સંસ્થાના પ્રમુખ તથા ઉપસ્થિત મહેમાનના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાવનગર રેડક્રોસ બ્લડબેંક દ્વારા રક્તદાન શિબિર યોજવામાં આવેલ. જેમાં ૨૭ યુવા રક્ત દાતાઓએ રક્તદાન કર્યુ હતું. શિશુવિહારની આરોગ્ય સેવાના ડોક્ટર શ્રી અરવિંદભાઇ ત્રિવેદી, ફિઝીયોથેરાપી સેન્ટરનાં સંચાલક ડૉ.ભાવિકાબહેન હરિયાણી તથા હોમિયોપેથી સારવાર કેન્દ્રનાં ડૉ.અભિલાષાબહેન સોનપાલનો વિશેષ સહયોગ નોંધનીય રહયો હતો.

## બાળ શિક્ષણ
## શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર


રમકડાંનું પ્રદર્શન



સમુહ પ્રાર્થના



સમુહ ભોજન


સમુહ પ્રવૃત્તિ



• માસ દરમિયાન બાળકોની કુલ સંખ્યા ૬૦ રહી હતી. જેમાં ૫ બાળકોના જન્મદિવસ વાલીની હાજરીમાં ઉજવાયા હતા. બાળકોમાં સમુહ ભાવના કેળવવાના હેતુથી સમુહ પ્રવૃત્તિમાં ક્રિડાંગણમાં રમત રમાડવી, અંગ સ્વચ્છતા, હળવી રમત, રમકડાં બતાવવાની પ્રવૃત્તિ કરાવેલ. બાળવયથી જ વૈજ્ઞાનિક અભિગમ કેળવવાના હેતુસર દ્રષ્ટિભ્રમ, પવનચક્કી, રેતઘડી, લોહચુંબક જેવા પ્રયોગ કરી બાળકોને બતાવેલ. માસ દરમિયાન વિવિધ રમત ગમતનાં સાધનનું પ્રદર્શન ગોઠવેલ. આ પ્રદર્શનના લાભાર્થી બાળકો ૫૫ અને વાલીઓની સંખ્યા ૩૦ રહી હતી. એપ્રિલ માસમાં રાજવી દર્પણ ધોળકીયા(વિનિતાબહેન ત્રિવેદી)મે માસમાં શ્રી દક્ષાબહેન પટેલ, ભુવનભાઈ ભટ્ટ, મધુસૂદનભાઈ ભટ્ટ, વિનોદભાઈ, જયશ્રીબહેન દવે, દેવીન્દ્રાબહેન શાહ, શ્રદ્ધાબહેન પંડયા, અને જૂન માસમાં જીતેન્દ્રભાઈ, દેવીન્દ્રાબહેન શાહ, ચંદ્રેશભાઈ બદીયાણી, અને વૈશાખ માસમાં જયશ્રીબહેન હરીયાણી, ભારતીબહેન મહેતા અને જેઠ માસમાં સૂર્યકાંત ફડિયા, વિભાકરભાઈ મહેતા, જયભાઈ મહેતાના તરફથી બાળકોને ભોજન આપવામાં આવેલ. તેમ કુલ ૨૨ દાતા તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ. જે માટે સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

સંચાલક: શ્રી અંકિતાબહેન ભટ્ટ

## આરોગ્ય
## ૪૮૮ તથા ૪૮૯ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ







•શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૭૪ જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે નેત્ર સારવાર અપાઈ. સ્વ.શ્રી રસિકભાઈ રાઘવજીભાઈ પટેલની સ્મૃતિમાં ૪૮૮મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શિશુવિહાર સંસ્થામાં યોજાયો, તેમજ સ્વ.ગુણવંતભાઈ વડોદરીયાની સ્મૃતિમાં ૪૮૯મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૨૮ જૂનના રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો. ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઇ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા






નેત્રયજ્ઞમાં ૭૪ દર્દીઓની આંખ તપાસ ડૉ.રામમોહન મિશ્રાની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાતમંદ ૨૫ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે સાથોસાથ દર્દીઓના ૧૫ સહાયકોને ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા. 'દર્દી દેવોભવની' ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી. આ ઉપક્રમે શ્રી પરીખ ફાઉન્ડેશન(મુંબઈ)દ્વારા મળેલ બસમાં દર્દીઓને વીરનગરથી પરત લાવનાર શ્રી કમલેશભાઈ વેગડ અને બુધાભાઈની સેવા નોંધનીય રહી હતી.

**સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા**

## ભાલ વિસ્તારનાં ગામડાંઓ માટે આરોગ્ય શિબિર





• શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નિરમા લિમિટેડનાં સૌજન્યથી તા.૨૯ જૂન ૨૦૨૪નાં રોજ ભાલ વિસ્તારનાં કાળાતળાવ ગામ ખાતે આરોગ્ય શિબિર યોજવામાં આવેલ, જેમાં ૨૩૦ ગ્રામજનોની આરોગ્ય તપાસ, ચશ્મા વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાનાં બાળકોની લોહીમાં હિમોગ્લોબીન તપાસ કરી જરૂરિયાતમંદ દર્દીનારાયણોને દવા તથા








ચશ્મા વિતરણ કરવામાં આવેલ. શિશુવિહાર પુસ્તકાલય દ્વારા શાળાને ૭૫ પુસ્તકો તથા બાલ આરોગ્યસૂત્ર ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. આ કાર્યક્રમ શિશુવિહારની આરોગ્ય ટીમનાં ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી, શ્રી અંકિતાબહેન ભટ્ટ, શ્રી રેખાબહેન ભટ્ટ, શ્રી યોગેશભાઈ શાહ તથા નિરમા મેડિકલ ડિપાર્ટમેન્ટના સિનિયર આસિસ્ટન્ટ શ્રી મુકેશભાઈ ગોહેલ, ગામનાં સરપંચ શ્રી અશોકભાઈ તથા આચાર્ય શ્રી મહેન્દ્રસિંહની ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યું હતું.

## નિરમા લિમિટેડના સૌજન્યથી બાળકોને પોષક આહાર



• જૂન માસમાં ભાવનગરમાં જીલ્લા આઈ.સી.ડી.એસ. વિભાગ સંચાલિત આંગણવાડી પૈકી ભાલ પંથકની ૯ આંગણવાડીનાં કુપોષિત બાળકોને ચાર

તબક્કામાં આંગણવાડી કાર્યકરના સહકારથી કુલ ૪૪,૩૭૬ પેકેટ પોષક ખોરાક પહોંચાડવામાં આવ્યો છે છેલ્લા ૧૭૨ દિવસથી ચાલતા કાર્યક્રમ થકી બાળકોનાં માનસિક અને શારીરિક વિકાસમાં ફેરફાર જોવા મળ્યો છે. નિરમા લીમિટેડના સહકારથી ગરીબ બાળકોને મજબૂત બનાવવાની પહેલ ભાવનગર જીલ્લા અને અન્ય ઉદ્યોગો માટે પણ અનુકરણીય બને છે.

**સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ**

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ :



• જુન માસ દરમિયાન નિયમિત રીતે આવતા તાલીમાર્થીઓની સંખ્યા ૪૦ રહી હતી. તેઓને આયોજન અનુસાર બેઈઝ બોલ, દોરડા ખેંચ, બેઠી રમતો પ્રકારે રમત રમાડવામાં આવી. સાંય પ્રાર્થના સમયે તાલીમાર્થીઓએ સમૂહમાં રહી પ્રાર્થના, ધૂન, ગીત, હર્ષનાદ કર્યા. સ્કાઉટ તાલીમાર્થી વિરેન રાઠોડ, હર્ષ ચુડાસમા, કૂનાલ વેગડનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો. સંસ્થાના કાર્યકર શ્રી અનિલભાઈ જોશી તેમજ શ્રી કમલેશભાઈ વેગડના જન્મદિવસ નિમિત્તે સ્કાઉટના વિદ્યાર્થીને પોષક આહાર આપવામાં આવેલ, સાથોસાથ સ્વ.જગદિશભાઈ બી. ત્રિવેદીની સ્મૃતિમાં (હસ્તે શ્રી ઉર્વીબહેન બી. ઓઝા)દ્વારા વિદ્યાર્થીને ભોજન આપવામાં આવેલ. શિશુવિહાર સંસ્થાનાં ફીટનેસ સેન્ટરના ઉપક્રમે ૧૦ મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તા. ૨૧ જૂનના રોજ સંસ્થા પ્રાંગણમાં ઉજવાયો. સ્કાઉટના ૩૫ વિદ્યાર્થીઓ જોડાયા.

**સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ**



### ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટરઃ

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ જુન માસમાં ૩૯૦ દર્દીઓએ સારવાર લીધી હતી,તેમજ ફિટનેસ સેન્ટરમાં ૨ ભાઈઓ તથા ૩ બહેન જોડાયા હતા.

**સંચાલક : ડૉ.ભાવિકાબહેન હરિયાણી**

### વયસ્કો માટે ૩૫૩ મી દ્રષ્ટિચકાસણી શિબિરઃ

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી જુન માસમાં ૩ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટે Refractometer દ્વારા ૪૩ વયસ્કોની આંખ તપાસ કર્યા બાદ ૨૭ વયસ્કોને ચશ્માં આપવામાં આવ્યા.

**સંચાલકઃ શ્રી રાજુભાઈ મકવાણા**

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરઃ

જુન માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવાર સાંજના ૪થી૬ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૩૬૩ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી.

**સંચાલક : ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી**

### આરોગ્યવર્ધક ઔષધિ પીણુંઃ

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ જુન માસ દરમિયાન ૧૦૦૦ નાગરિકોએ લીધો.

**સંચાલક : શ્રી નરસિંહભાઈ મકવાણા**

### હોમિયોપેથિક સ્વાસ્થ્ય કેન્દ્રઃ

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હૉમિયોપેથિક હોસ્પિટલ,ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતા કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ સાથે દર્દીઓને સવારે ૯:૩૦થી૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૦૦ નિ:શુલ્ક તપાસ,દવા આપવામાં આવે છે. હોમિયોપેથિક કેન્દ્રનો લાભ જુન માસ દરમિયાન ૨૨૭ દર્દીઓએ લીધો હતો.

**સંચાલક : ડૉ.અભિલાષા સોનપાલ**

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળાઃ

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૦૦થી૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. જુન માસમાં ક્રમાંક ૨૦૭થી ૨૦૯મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને રેશમની દોરીમાંથી બાર સાખિયા, કંદીલ તેમજ ફરફરીયું બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. જેમાં ૧૦૫ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક : શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર :

જુન માસમાં ૧૦૦ વાચક સભ્યોએ ૧૨૫ પુસ્તકો વાચ્યાં હતાં. 'વિસરાતી વિરાસતો',(ડૉ.રમણિકભાઇ યાદવ), 'રાહુલભાઇ સોલંકી' (જૈન જગત),'સમાજની કરૂણા-૧૦'(રમેશભાઇ તન્ના), 'વિચાર શકિત (રવિભાઇ પરમાર) સંસ્થાનાં પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર છે.

સંચાલક : શ્રી મંગળસિંહ પરમાર

## બાલદેવ વનઃ

જુન માસ દરમિયાન શ્રી તદ્દરૂપાનંદ બાલદેવનમાં તથા એક્સેલ ક્રોપ કૅર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં કુલ ૧૨૫૨ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. ડ્રોપ સંસ્થાના ૫૦ બાળકો બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી હીનાબહેન ભટ્ટ

## ૨.વિ.ગોસળિયા ક્રિડાંગણઃ

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતાં બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા,ઉંચક-નીચક,બેલેન્સી ચાલ,લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. જુન માસ દરમિયાન ૪૦૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ



## જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમઃ

(ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત)

જુન માસ દરમયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૪૨ રહી હતી. સંસ્થાના કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા તમામ બહેનોને હેન્ડ ઓવરલોકની તાલીમ આપવામાં આવી તેમજ ૭ બહેનોએ ગારમેન્ટ મેકીંગની પરીક્ષા આપી.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

## તાલીમઃ

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૫ જુને યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનાં મૂલ્યાંકનની સાથોસાથ સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક : શ્રી પરેશભાઈ પાઠક

## માંદગી સાધનસહાયઃ

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. જુન માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૧ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી પંકજભાઇ ભટ્ટ (નિવૃત્ત એસ.ટી.કંડકટર) તરફથી પાણીનું ગાદલું ભેટ મળેલ છે.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

## સંગીત વર્ગઃ

જુન માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી દેવુભાઈ મહેતા

## દિવ્યજીવનઃ

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સંચાલક : શ્રી ઈન્દાબહેન ભટ્ટ

## સ્વ-રોજગારઃ

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત એક શ્રમિક બહેન દ્વારા જુન માસમાં કાપડની ૬૦૦ થેલી તૈયાર થતાં રૂ.૩૦૦૦/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૧,૦૭,૭૮૫ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક : શ્રી દક્ષાબહેન ગોહેલ

## મનોરંજનઃ

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦થી૭:૩૦ દરમિયાન મળી શકે છે. જુન માસ દરમિયાન ૪ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## પ્રચાર-પ્રસાર

**વાચકોને રૂ. ૨૫૦ આપી સંસ્થા સામયિકના સભ્ય બનવા નિમંત્રણ છે.**

સંચાલક : શ્રી દક્ષાબહેન ગોહેલ

## અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની માર્ચ માસમાં ૧૬૩ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

જુન માસમાં સંસ્થાના ફેસબુકનાં followersની સંખ્યા૫.૦k અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૬૨૦ રહી હતી.

સંચાલકઃ શ્રી અનિલભાઈ બોરીચા

### : સાભાર સ્વિકાર :

- શ્રી કેતનભાઈ ભટ્ટ તરફથી સ્વ.રાજુલબહેનની સ્મૃતિમાં દિવ્યજીવન પ્રાર્થનામાં આવતાં બધાં સાધકોને સેલવાળા દીવા ભેટ આપ્યા છે. દિવ્યજીવન પરિવાર શ્રી કેતનભાઈનો આભાર માને છે.



## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 3,00,000.00 | શ્રી તુષારભાઈ પી. હેમાણી | કૌશલ્ય તાલીમ |
| 2,25,000.00 | શ્રી રાઘવજીભાઈ જે. પટેલ | આરોગ્ય સહાય |
| 50,000.00 | પાંધી ચરીટેબલ ટ્રસ્ટ | સર્વાંગી વિકાસ સહાય |
| 20,000.00 | ઓમ શાંતિ ટ્રસ્ટ | નેત્રયજ્ઞ સહાય |
| 12,750.00 | રમેશચંદ્ર દફતરી ચે.ટ્રસ્ટ | સર્વાંગી વિકાસ સહાય |
| 10,000.00 | શ્રી દેવીન્દ્રાબહેન એસ. શાહ | પોષક આહાર સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કે.શાહ ચે.ટ્રસ્ટ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 3,000.00 | શ્રી નિરવભાઈ શાહ | શૈક્ષણિક સહાય |

## બુધસભાઃ




- બુધસભાની ૨૨૯૦મી બેઠકમાં કવિતા આસ્વાદ શ્રેણી અંતર્ગત કવિશ્રી ડૉ.વિનોદ જોશીએ લોકગીત ''લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો'' નો આસ્વાદ કરાવ્યો. રામ અને સીતાને પ્રતીક સ્વરૂપે લઈને પ્રસન્ન દામપત્યની વાત લોકકવિએ કેટલી સહજ અને સરળ રીતે કરી છે એ વાતને સાંપ્રત સમયના સંદર્ભથી વ્યક્ત કરી હતી. ડૉ. છાયાબહેન પારેખના

સંચાલનમાં ઉપસ્થિત ૨૯ કવિઓએ કાવ્યપઠન કર્યું. આભાર દર્શન કવિશ્રી હિમલ પંડયાએ કર્યું. ૧૨ જુનની બેઠક 'અવસર અભિવ્યક્તિ પર્વ' શીર્ષક તળે ૨૫ કવિ મિત્રોએ વિવિધ રચનાઓની પ્રસ્તુતિ કરી. બુધસભાના સભ્ય શ્રી જયંતભાઈ હુંબલ, શ્રી સુનિલભાઈ પરમાર તથા શ્રી દર્શનાબહેન રાવલ નેશનલ માસ્ટર એથલેટિક્સમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી આવ્યા તે બદલ શુભેચ્છા આપવામાં આવી હતી. બુધસભાનું સંચાલન શ્રી પરેશભાઈ ત્રિવેદીએ કર્યું. માસની ત્રીજી બેઠક ડૉ. માનસી ત્રિવેદીનાં સંચાલનમાં મળી. જેમાં સર્જનની પૂર્વ ક્ષણોમાં સંવાદ અંતર્ગત ભાવનગરના જાણીતા વાર્તાકાર, નિબંધકાર, મહેન્દ્રસિંહ પરમાર દ્વારા પોતાના સર્જન અને અનુભવ, લેખન પ્રવૃત્તિ અને તેનું ભાવાવરણ, શિક્ષણ અને સર્જન, અધ્યાપક અને સાહિત્યકાર વિશે રસપ્રદ વાતો કરવામાં આવી. બુધસભાનાં આંગણે ૬૨ ભાવકો અને સાહિત્યપ્રેમીઓ હાજર રહયાં હતાં અને સર્જક સાથેના સંવાદને માણ્યો હતો. બુધસભાની ૨૨૯૩મી બેઠક તારીખ ૨૬ ને બુધવારના રોજ સુશ્રી વર્ષાબહેન જાનીનાં સંચાલન હેઠળ મળી. જેમાં સર્જક શ્રી નાઝિર સાવંત દ્વારા શબ્દસ્થ શાયર શ્રી બરકતઅલિ વિરાણી 'બેફામ' ના જીવન-કવન વિશે રસપ્રદ વાતો કરવામાં આવી હતી. જેમાં ૩૬ સાહિત્ય રસીકો પધાર્યા હતા. આમ જૂન માસની ચારે બેઠકોમાં ૧૫૨ કવિ-કવયિત્રીઓએ બુધસભામાં આવી સ્વ રચનાઓ મહાણી હતી.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિ

• શ્રી નવિનભાઈ નાવડીયાનાં સંકલનમાં નવરંગ કલા ગ્રુપના ઉપક્રમે તા. ૨ જુને જુનાં હિન્દી ફિલ્મીગીતોનો ''કરાઓકે ટ્રેક શો'' સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. વર્ષ ૧૯૬૦-૮૦ના યાદગાર બૉલીવુડ ગીતોનો આસ્વાદ મ્હાણવા ૩૦૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.

• નાટય ગૌરવ પુરસ્કારથી સન્માનીત સ્વ.રાજુલબહેનની સ્મૃતિમાં ત્રીજી જુને લેખિકા શ્રી દેવાંગીબહેન ભટ્ટે સામાજિક સમસ્યાઓમાં સાહિત્યનાં માર્ગદર્શન ઉપર વક્તવ્ય આપેલ તેમજ એષા દાદાવાળાએ જનરેશન ગેપ વિષયે પણ સંવાદ યોજાયો હતો. જેને મ્હાણવા માટે ૨૫૦ થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયા હતા.

• રુચિબહેન વ્યાસની દ્વિતિય પુણ્યતિથિએ અહિચ્છત્ર સંસ્કાર કેન્દ્રની બહેનો દ્વારા શિશુવિહારના રંગમંચ ઉપર કરાઓકે ટ્રેક સાથે સ્પર્ધાત્મક ફિલ્મગીતોના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલું. તા. ૮ જુને યોજાએલ સ્મૃતિવંદના કાર્યક્રમનું આયોજન ભાવનાબહેન પંડયા, ઉમાબહેન ભટ્ટ



તેમજ ચાંદનીબહેન ભટ્ટ દ્વારા થયેલ. પ્રોગ્રામનો આનંદ ૩૦૦ રસિકોએ લીધો હતો.

• એક્સેલ ઈન્ડસ્ટ્રીઝ ભાવનગરનાં પૂર્વ કર્મચારીઓનાં ગૃપનો મેળાવડો ૮ જૂને સંસ્થા પરિસરમાં યોજાયો. શ્રી નાથુભાઈ પ્રજાપતિ તથા શ્રી એ.પી.દવેની વિશેષ ઉપસ્થિતિમાં યોજાએલ પરિવાર મિલનમાં દર્દીઓની સંભાળ લેતા શ્રી ભરતસિંહ ઝાલા, શ્રી ગીધાભાઈ વાજા તથા પેન્શનર મંડળ સાથે જોડાએલ ટીમની વિશિષ્ટ સેવાઓનું અભિવાદન થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી રોબર્ટભાઈ ફરનાન્ડિસે કર્યુ હતું. ભોજન સાથે સંપન્ન થએલ મેળાવડામાં ૨૦૦ કર્મચારીઓ ઉપસ્થિત રહી ભાવનગરનાં વિકાસ માટે પ્રદાન કરવા કટીબદ્ધતા દર્શાવાઈ હતી.

• 'જયોતિ કલશ છલકે' ગ્રુપના ઉપક્રમે શ્રી સંજયભાઈ દવેના સંકલનમાં જૂનાં હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા. ૯ જૂને સંસ્થા રંગમંચ પર યોજાયો. ફિલ્મીગીતોનો આસ્વાદ માણવા ૩૦૦ થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયા હતા.

• સન ટુ હયુમન ફાઉન્ડેશન દ્વારા 'પ્રવચન નહી પ્રયોગ'નાં દ્રષ્ટિકોણ સાથે એક શિબિરનું આયોજન થયું. શ્રી વર્ષાબહેન જાની, આસુતોષભાઈ જોશીના પ્રયત્નોથી ૧૬ જુને સંસ્થા પ્રાંગણમાં યોજાએલ માર્ગદર્શન શિબિરમાં ૩૫૦ નાગરિકો જોડાયા હતા.



• શ્રી પ્રમોદભાઈ વોરા દ્વારા જરૂરિયાતમંદ ૨૫ વિદ્યાર્થીઓ અને શ્રમિક બહેનોને સાયકલ વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૬ જુને સંસ્થા પરિસરમાં યોજાએલ ૧૦૪મા સાયકલ વિતરણ સમારંભમાં શ્રી રાજેશભાઈ તથા શૈલેશભાઈનો સહકાર મળ્યો હતો.

• રાહત નિયામકશ્રીની કચેરી - મહેસૂલ વિભાગ ગાંધીનગર અને ભાવનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ કાર્યક્રમ ૧૬ જૂને શિશુવિહારમાં યોજાઈ ગયો. આ તાલીમમાં કુદરતી આફત અને માનવસર્જિત આફત આવે ત્યારે સ્વબચાવ કેવી રીતે કરવો, જાનમાલના નુકસાનને કેવી રીતે અટકાવવું તેની વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી. રાષ્ટ્રપતિ ગેલેન્ટ્રી એવોર્ડથી સન્માનીત શ્રી ત્રિલોકકુમાર ઠાકર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીમાંથી શ્રી શુભમ શાહે આ તાલીમ શહેરના વિવિધ વર્ગના ૨૦૦ નાગરિકોને આપી હતી.

• શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંકલનથી 'સૂર-સંગમ' સંસ્થાના ઉપક્રમે સપ્તસુરી સંધ્યાનો ૮૩મો હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ સંસ્થા રંગમંચ ઉપર યોજાયો. ૧૬ જૂને હિન્દી ફિલ્મ ગીતોના જીવંત કાર્યક્રમને માણવા ૩૦૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.




• સુમિટોમો કેમિકલ ઈન્ડિયા ભાવનગર યુનિટનાં ૫૮ અધિકારીઓની ગોલ સેટીંગ અંગેની બેઠક તા.૨૦ જૂને સંસ્થાના વાનાણી (એ.સી.)હોલમાં યોજાઈ ગઈ. ઉદ્યોગના વરિષ્ઠ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં લગભગ ૧૨ કલાકની કોન્ફરન્સ દરમિયાન તમામ અધિકારીઓએ વિભાગના એન્યુઅલ ટારગેટ સેટ કર્યા હતા.



• છેલ્લાં ૮૫ વર્ષથી ચાલી આવતી સાંસ્કૃતિક પરંપરાને જોશી પરિવારની ચોથી પેઢીના કાર્ય તરીકે અપનાવી શ્રી રાજુભાઈ જાનીએ ૨૧ જૂન, જયેષ્ઠ પૂર્ણિમા; પ્રસંગે પર્યાવરણ રક્ષા સાથે જોડાયેલા વડ સાવિત્રી પર્વ શિશુવિહારમાં ઉજવ્યું. સંસ્થા બાલદેવવનમાં ૭૦ બહેનોએ પારિવારિક જીવનના સંરક્ષણની શ્રદ્ધા સાથે વડપૂજન કરયું હતું.

•શિશુવિહાર સંસ્થાના ફિટનેસ સેન્ટરના ઉપક્રમે ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તા. ૨૧ જૂનના રોજ સંસ્થા પ્રાંગણમાં ઉજવાયો. આ પ્રસંગે યોગ પરંપરા વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપીને ઓમકારના નાદ તથા પ્રાર્થનાની શરૂઆતથી યોગ કરવામાં આવેલ. યોગના તાલીમી શિક્ષક શ્રી ભાવનાબહેન ઓઝા દ્વારા સવારે ૫:૩૦એ સૂર્ય નમસ્કાર, પ્રાણાયામ, વિવિધ આસનો કરાવવામાં આવ્યા હતા. જેમાં સંસ્થા ક્રીડાંગણના વિદ્યાર્થી, બાલમંદિરનાં બાળકો ફિઝિયોથેરાપી તથા હોમિયોપેથીના ડોક્ટર અને સહાયક ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ, નાગરિકોએ દિવસભરના વિવિધ ઉપક્રમમાં જોડાઈ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી.

• શ્રી શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ જ્ઞાતિના ઉપક્રમે



મેડિકલ, એન્જિનિયરિંગ ફાર્મસી, સાયન્સ, આર્ટસ તથા કોમર્સ વિષયમાં સ્નાતક અને અનુસ્નાતકમાં અભ્યાસ કરતાં ભાવનગરનાં વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૩-૨૪ની શિષ્યવૃત્તિ આપવાનો તથા જ્ઞાતિની પ્રતિભાઓને પુરસ્કૃત કરવાનો કાર્યક્રમ તારીખ ૨૩ રવિવારે શિશુવિહારમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં જાણીતા શિક્ષણિવદ ડૉ.ભદ્રેશકુમાર પંડયા ઉપસ્થિત રહયા હતા અને વિદ્યાર્થીઓને કારકિર્દીનું ઘડતર અંગે માર્ગદર્શન આપ્યું હતું. જ્ઞાતિના ૬૦ મહાનુભાવોની વિશેષ હાજરીમાં યોજાએલ કાર્યક્રમનું સંચાલન તથા આભાર સંસ્થાના મંત્રી ડૉ.રોહિત દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

• નટરાજ કલા સંસ્થાનાં ઉપક્રમે ૧૫૯ મો સંગીત કાર્યક્રમ 'તેરા સાથ હે તો' ભાગ-૬ યોજાઈ ગયો. ૨૩ જૂને સંસ્થા રંગમંચ ઉપર પ્રસ્તુતિ પામેલ કાર્યક્રમમાં જાણીતા ઉદ્‌ઘોષક અજયભાઈ ત્રિવેદી તેમજ અમદાવાદનાં ગાયક શ્રી કૌટિલ્ય મહેતાની ઉપસ્થિતિ રહી હતી. શ્રી કેતનભાઇ આવસત્થીના સંયોજનને મ્હાણવા ૪૦૦ થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.

• રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગરના સહયોગથી નવયુગ કેળવણી ટ્રસ્ટ દ્વારા ૨૯ જુને ગુજરાતી ગીતો 'અંબર ગાજે' કાર્યક્રમ યોજાએલ. ભાવનગર સ્ત્રી કેળવણી મંડળના એજ્યુકેટીવ ડાયરેક્ટર શ્રી ધીરેનભાઈ વૈષ્ણવ તથા જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી હિતેશભાઈ મેશવાણિયાની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ પ્રસંગે ૧૫૦ થી વધુ મિત્રો પધાર્યા હતા.

• શ્રી કીર્તિભાઈ સોલંકીના સંકલન તળે 'વાસુકી કરાઓકે' નો જૂના હિન્દી ફિલ્મી ગીતોનો સંગીત કાર્યક્રમ ૩૦ જૂને સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૧૫૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.



## શુભેચ્છકો લખે છે

**• શ્રી મહારાણી સાહેબ સમયુકતા કુમારી ગોહિલ (ભાવનગર)**

મહારાજ કુમાર શિવભદ્રસિંહજી કૃષ્ણકુમારસિંહજી ગોહિલના દુ:ખદ નિધન પર આપના તરફથી થયેલ શોકની અભિવ્યકિત અને અમારા પરિવાર પર આવી પડેલા દુ:ખ માટે અમને સાંત્વના પાઠવવા બદલ અમે

ભાવનગર રાજ પરિવાર શિશુવિહાર સંસ્થા માટે આભાર વ્યક્ત કરીએ છીએ. મહારાજ કુમાર જીવનને નિષ્ઠાપૂર્વક રીતે જીવ્યા હતા. પૂજ્ય માનભાઇ માટે અને શિશુવિહાર માટે તેઓને ખૂબ માન અને લાગણી હતી. અમને શ્રદ્ધા છે તેમની દિવ્ય ચેતના નિરંતર આપની માટે શુભેચ્છાઓ અને આર્શીવાદ આપતી રહેશે. હંમેશા આપની આભારી.

**• ડૉ.દેવીન્દ્રાબહેન શાહ (અમદાવાદ)**

''શિશુવિહારની બાળસેવા અનેકો માટે પ્રેરણાદાઇ છે. બાલમંદિરમાં અને ક્રિડાંગણની તાલીમ સાથે જોડાએલ બાળકોને તમે જીવન શિક્ષણ સાથે જોડો છો તે પ્રભાવશાળી છે. અભિનંદન અને મારો વિનમ્ર સહયોગ સ્વીકારવા વિનંતી.''

**• ડૉ. વિક્રમભાઇ મહેતા (મુંબઇ)**

''નવી પેઢી સ્વાવલંબી બને તે માટેના શિશુવિહારના પ્રયત્નો આવકારદાયી છે. ૧૧૦૦૦ બહેનોને સીવણ તાલીમ અને ૩૯૫ જરૂરિયાતમંદ તાલીમાર્થીઓને સીવણ સંચાની મદદ નોંધનીય બને છે. આ સાથે અમારા પરિવારનો સહયોગ સ્વીકારી આભારી કરશો.''

**• પાંધી પરિવાર (મુંબઇ)**

''ગામડાંઓની શાળાઓમાં હોસ્ટેલમાં રહી ભણતી બહેનોને અપાતી સહાય આશાસ્પદ બને છે. વરસો-વરસ થી અને એકનિષ્ઠ પ્રયત્નોથી થતા કામ માટે ધન્યવાદ. અમારા સહયોગની નોંધ મુકશો.''

**• શ્રી દીપકભાઇ ભટ્ટ (મેનેજર વર્કશોપ-એક્સેલ ઇન્ડસ્ટ્રીઝ)**

''શિશુવિહારના ગ્રીષ્મ તાલીમ વર્ગમાં ૪૯૫ વિદ્યાર્થીનીઓ તથા ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો તે આજના ઇલેક્ટ્રોનિક ઉપકણોના જમાનામાં સારી સફળતાનો સંદેશ આપી જાય છે. સામાજિક સંસ્થાઓ માટે પ્રેરણાદાયક બને છે. વિદ્યાર્થી તાલીમ થોડી ચિંતા પણ ઉપજાવે છે. સમાજના યુવા કુમારોને સાચી દિશામાં વાળવાની જવાબદારી વહન કરતા માતાપિતા, શિક્ષકગણ અને સામાજિક સંસ્થાઓએ હવે વધારે ધ્યાન આપવાની જરૂર છે. નવી પેઢીને તાલીમ બદ્ધ કરવાનું કામ તેઓને જ સોંપવા જેવું છે. તાલીમાર્થીઓ જ કુટુંબ, પડોશ અને નિશાળમાં જે કોઇ વિદ્યાર્થીઓ હોય તેને પ્રેરિત કરે. સ્ત્રી પુરુષ વચ્ચે સ્પર્ધાને બદલે સામંજ્યસ્ય સ્થપાય તે આવતીકાલના સ્વસ્થ સમાજનો પાયો હશે. ઉર આશા ઝવેરી ફાઉન્ડેશન તથા શિશુવિહારને અભિનંદન. કાપડની રંગોળી પણ સરસ તાલીમ છે, તેનો આધુનિક યુગમાં ઉપયોગ બાળકોને રચનાત્મકતા તરફ દોરી જશે.''



**• ગોહેલ શુભ (તાલિમાર્થી- ક્રિડાંગણ)**

''હું સ્કાઉટમાં પાંચ વર્ષથી આવું છું. મને અલગ અલગ તાલીમ મળે છે. રસોઇ કઇ રીતે બનાવવી તે આવડયું છે. દીવાળીમાં રંગોળી કરતા, ઉતરાયણમાં પતંગ બનાવવાની તાલીમ મળી છે. મને પ્રવૃત્તિમાં રસ પડે છે. લાભ પણ થયો છે. અમારા ટીચર કમલેશભાઇને ખાસ થેંક્યું કહું છું.''

**• શ્રી હિનાબહેન ડાભી (પેશન્ટ- હોમીયોપેથીક સેન્ટર)**

મને પહેલા સ્કીન એલર્જી હતી. હોમિયોપેથીક દવા લીધા પછી મને સ્કીન એલર્જીમાં સારું છે. ખંજવાળ પણ નથી આવતી. મારું શરીર લાલ લાલ થઇ જતું હતું તે પણ હવે નથી થતું. દવા લીધા પછી મને સારું થઇ ગયું છે. શિશુવિહારનાં માધ્યમથી ચાલતાં હોમિયોપેથીક દવાખાના અને તેનાં ડૉ. અભિલાષાબહેન સોનપાલનો આભાર માનું છું.

**• ધર્મેન્દ્રભાઇ સરૈયા (વાલી મિહિરભાઇ - બાલમંદિર )**

''પહેલાં મારું બાળક બોલતું નહીં. પણ હવે બધું બોલે છે. બાલમંદિરમાં ગયા પહેલા મારું બાળક કોઇની સાથે રમતું નહીં. પણ હવે બધાની સાથે રમે છે. પહેલા મારા બાળકને એકલું રહેવું ગમતું હતું. પણ હવે બધાની સાથે રમવું ગમે છે. સ્કૂલેથી આવી બાળગીત ગાવાની કોશીશ કરે છે. એની જાતે ગાય છે. બાલમંદિરમાં જવું એને બહુ જ ગમે છે. તેનામા ઘણો ફરક પડયો છે. બધાં સાથે રમે છે. ઘરે આવીને કહે કે આ નાસ્તો આપ્યો હતો.મને આ પ્રવુત્તિ કરાવી હતી. તેની વાતો સાંભળવી અમને પણ ગમે છે.''

**• શ્રી અપૂર્વભાઇ શેખ (પેશન્ટ ફિઝીયોથેરાપી સેન્ટર)**

''મને મગજનો એટેક આવવાથી લકવો થયો હતો. હું ચાલી પણ શકતો ન હતો. શિશુવિહાર ફિઝિયોથેરાપીમાં ૬ માસ ડૉ.ભાવિકાબહેન હરિયાણી પાસે ટ્રિટમેન્ટ લેતા હવે હું બરાબર ચાલી શકું છું. મારે ફલોર મીલ છે. વજન પણ ઉંચકું છું. અને મારી જાતે સ્કૂટરમાં શિશુવિહાર આવું છું. સંસ્થા તથા ડૉ.ભાવિકાબહેનનો આભાર માનું છું.''

**• શ્રી અનિતાબહેન આચાર્ય (વાચકઃ ગોખલે જ્ઞાનમંદિર પુસ્તકાલય)**

''શિશુવિહાર પુસ્તકાલયમાં હું ૧ વર્ષ થી સભ્ય છું. પુસ્તકાલયના પુસ્તકો મને ખૂબ જ ઉપયોગી થાય છે. કારણકે હું શ્રી મનુભાઇ પંચોળી વિષયે સંશોધન કરું છું. તેને લગતાં પુસ્તકો મહદ અંશે ઉપલબ્ધ થયાં છે. જેથી હું સંસ્થા પુસ્તકાલય અને વ્યવસ્થાપક શ્રી મંગળસિંહભાઇ પરમારનો આભાર માનું છું.''

**•શ્રી સાઇમીન શેખ (તાલિમાર્થી સીવણ વર્ગ)**

''હું શિશુવિહાર સંસ્થામાં છેલ્લા ૩ મહિનાથી તાલીમ લેવા આવું

છું. સિવણ વર્ગના શિક્ષક શ્રી ગુલાબબા ગોહિલની આવડત અને અનુભવથી અમને સીવણ અંગેની પ્રાથમિક સમજ સાથે સોય દોરાથી ગાજ, હુંક, બટન, સાદા ટાંકાથી લઈ છાપામાં ડાયાગ્રામ દોરતાં તેમજ કટીંગ કામ સરળતાથી કરતાં ફાવી ગયું છે. આજે હું સીવણ વર્ગમાં ડ્રેસ, થેલી, કવર તેમજ નવીન નમુનાઓ પ્લાઝો તેવી ઘણી અલગ આઈટમ સરળતાથી અને સારી રીતે બનાવી શકું છું. સીવણ તાલીમ મને મારા રોજીંદા જીવનમાં મદદરૂપ અને ફાયદાકારક રહેલ છે.''

**• શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદી (કવયિત્રી- બુધસભા)**

''બુધસભા તથા સાહિત્ય પરિષદના ઉપક્રમે યોજાએલ ગઝલ લેખન શિબિર ખરેખર ઉપયોગી ઉપક્રમ રહ્યો. આ પ્રકારે કવિતાકક્ષના સહયોગથી યોજેલ કવિતાનાં વ્યાકરણ અંગેની તાલીમ પણ સરાહનીય રહી. ઉનાળુ વેકેશનમા અમે જ્ઞાન સમૃદ્ધ થયા છીએ. ધન્યવાદ.''

## તંત્રી સ્થાનેથી : સમાપન અભાર

•શિશુવિહાર સંસ્થાની સ્થાપનાનાં ૭૫માં વરસે પ્રકાશિત ૮૩૨ માં અંકથી શરૂ થયેલ ''સ્વરાજ શાળા'' વિભાગ અહીં પૂર્ણ થાય છે. ૧૫ ઓગસ્ટ ૨૦૧૪ થી ૧૧૯ મંથલી મેગેઝીનમાં વર્ષ ૧૯૪૪ થી ૫૬ વર્ષનો સાર રૂપ અહેવાલ મુકવાનો પ્રયત્ન થયો છે. આઠ હસ્તપ્રત નકલમાં પ્રકાશિત શિશિન સામયિક આજે ફોર કલરમાં દેશ-દુનિયાનાં ૪૫૦૦ ગુજરાતી વાચકો સુધી પહોંચે છે ત્યારે સ્વરાજ શાળા નામે ૬૦૦ પાનામાં પ્રકાશિત શિશુવિહારનો દસ્તાવેજીક અહેવાલ સમાજકાર્યનાં વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક રૂપ બનશે.

સ-વિશેષ શિશુવિહારનાં સંચાલન સાથે જોડાએલ કાર્યકરો અને અભ્યાસુઓ માટે સ્વૈચ્છિક સંસ્થા તરીકેની શિશુવિહારની ૮૪ વર્ષનાં સામાજીક પ્રદાનને એક કેન્યાસ ઉપર જોવાની તક પૂરી પાડશે તેવી આશા છે. આ સમગ્ર કાર્યની નોંધમાં સહયોગી થનાર શ્રી અનિલભાઈ,રાજુભાઈ અને પેઈજ સેટરમાં મનિષાબહેન તથા સૃષ્ટિબહેનનો આભાર. અપેક્ષા છે કે ક્યારેક આ વિગતો પુસ્તક રૂપે પ્રકાશિત થશે અને સમાજકાર્યનાં વિકાસની રૂપરેખા તરીકે માર્ગદર્શક બનશે.

ડૉ.નાનકભાઈ ભટ્ટ







# સ્વરાજ્યની શાળા
# શિશુવિહાર

**વર્ષ ૨૦૦૦માં પ્રકાશિત**
**શિશુવિહાર સામયિકોનો સાર**
**(એક દસ્તાવેજ)**




**જાન્યુઆરીઃ** પાણીનો પ્રાણપ્રશ્ન ક્રીડાંગણમાં રોજ ૫૦૦થી ૭૦૦ બાળકો રમવાં આવે છે. બાલમંદિર અને બાલદેવવનમાં પણ રોજ ૫૦૦ બાળકો આવે છે. દિવ્યજીવન સંઘની અનેકવિધ પ્રવૃત્તિઓ, પુસ્તકાલય, રમકડાં ઘર, કલાવર્ગ, રાતદિવસના સિવણ વર્ગ, વીજળીનો વર્ગ, સંગીત વર્ગ, સ્કાઉટ-ગાઈડ, વાનપ્રસ્થાશ્રમ, નેત્રયજ્ઞો અને એવી બીજી અનેક કાયમી અને પ્રાસંગિક પ્રવૃત્તિઓ ચાલુ રહે છે. સંસ્થાના કર્મચારીઓના ચાર-પાંચ કુટુંબો પણ રહે છે. આ બધાને પ્રાથમિક જરૂરિયાતનું પાણી પુરું પાડવાની મોટી મથામણ છે. ઘણાં વરસો પહેલા એક કૂવો ખોદાવ્યો તેનું પાણી સદ્ભાગ્યે કપરા સંજોગોમાં વાપરી શકાય તેવું સારું નિકળ્યું. કૂવા ઉપર ઓવર હેડ ટાંકી મુકાવી. કૂવામાં પંપ મૂકાવ્યો. દસેક વરસ આ કુવાએ સારી સેવા આપી. પણ પછી પાણી ઓછું થવા લાગ્યું અને ખારું થવા લાગ્યું. પાણીની અછતને નિવારવા ઘણાં પ્રયત્નો હાથ ધર્યા. નિષ્ણાતોની સલાહ લઈને ચારેક ઠેકાણે ઉંડા બોર કરાવ્યા. બાલદેવવનમાં અને વાનપ્રસ્થાશ્રમના મેદાનમાં વારાફરતી બે કુવા કરાવ્યા. પાણી માટે પાણીની જેમ ઘણો ખર્ચ કર્યો. હજુ પણ સંસ્થા પ્રત્યેના સદ્ભાવથી અમે સફળતા મેળવીને જ ઝંપીશું એવા પાણીદાર સેવાભાવી માર્ગદર્શકોના આધારે ભગીરથ પ્રયત્નો ચાલુ જ છે. કર્મ કરવાનો આપણો અધિકાર છે. ફળ આપવાનું ઈશ્વરના હાથમાં છે એવી સાદી અને સીધી સમજણથી સતત પ્રયત્નો ચાલે છે.

•શ્રદ્ધાંજલી: શિશુવિહાર પરિવારના સક્રીય આજીવન સભ્ય અને શુભેચ્છક પુણ્યાત્મા ઈશ્વરભાઈ જેરામભાઈ પડિયા (દાઠાવાળા) તથા પુણ્યાત્મા શશીકાંતભાઈ ગોપાળજીભાઈ ભટ્ટના અકાળ અવસાનથી સંસ્થાને બે સ્વજનોની ખોટ પડી છે. પરમાત્મા બંનેના કુટુંબીજનોને દુ:ખ સહન કરવાની ધીરજ અને શકિત આપો અને સ્વર્ગસ્થ આત્માને ચિર શાંતિ આપો તેવી પ્રાર્થના.

● શિશુવિહાર હીરક જયંતી મહોત્સવ નિમિત્તે શ્રી હરીભાઈ કોઠારીનો જ્ઞાનયજ્ઞ રહેશે. વિષય: જીવન સપ્તાહ તા.૧૪થી ૧૭-૨-૨૦૦૦, સમય સવારે ૭:૦૦ થી ૮:૧૫ સાંજે ૭:૦૦ થી ૮:૧૫. સ્થળ: શિશુવિહાર.

**ફેબ્રુઆરી:** ૬૦મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ: જાન્યુઆરીમાં ઉદ્યોગપતિ શ્રી જયંતભાઈ વાનાણી (બુધાભાઈ) તેઓના પિતાશ્રી સ્વ.નાનાલાલભાઈ પટેલના સ્મરણાર્થે શિશુવિહારમાં નેત્રયજ્ઞ કરાવે છે. આ વરસનો નેત્રયજ્ઞ જાન્યુઆરી ૨૦૦૦ની ૨૧મી તારીખથી પ્રજાસત્તાક દિનના રાષ્ટ્રીય તહેવારની ૨૬મી તારીખ સુધી થયો. જેમાં નેત્રનિદાન માટે ૭૫૬ દર્દીઓને તપાસવામાં આવ્યા. તે બધાને જરૂરી દવાઓ તથા દાક્તરી સલાહ વિનામૂલ્યે અપાયા. તેમાના ૭૮ દર્દીઓને મોતિયાનું ઓપરેશન કરીને નેત્રમણિ (લેન્સ) મૂકવામાં આવ્યા. તેમાં ૪૮ બહેનો અને ૩૦ ભાઈઓ હતા. નેત્રનિદાનની તથા નેત્રમણિ મૂકવાની તમામ કામગીરી ભાવનગરની સર તખ્તસિંહજી હોસ્પિટલના આંખના દવાખાનાના મુખ્ય સર્જન ડૉ.નિલેશભાઈ પારેખ, ડૉ. અલ્પાબહેન જાડેજા તથા સેવાભાવી સ્ટાફે સંભાળી હતી.

● શિશુવિહાર સ્કાઉટ ગાઈડ: તા.૨૬-૧-૨૦૦૦ ના પ્રજાસત્તાક દિવસે માનનીય પ્રતાપભાઈ શાહના વરદ હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો. આ પ્રસંગે નિયમિત આવનાર ત્રણ સ્કાઉટને તેમજ દર શનિવારે સ્કાઉટડેની તાલીમમાં સૌથી વધારે નિયમિત રહેનાર જિતેન્દ્ર રામજીભાઈ જેઠવા, અનિલકુમાર ગુણવંતરાય મકવાણા, સુરેશકુમાર લક્ષ્મણભાઈ સોલંકીને સન્માનિત કરાયા હતા.

● 'હાથે લોઢું, હૈયે મીણ' (શ્રી માનભાઈ ભટ્ટનું જીવનચરિત્ર): શિશુવિહાર સંસ્થાના સ્થાપક તથા સંચાલક શ્રી માનભાઈ ભટ્ટના ૯૨ વરસના જીવન ઘડતરના ઈતિહાસના પ્રસંગો આલેખતું આ પુસ્તક છે. વાંચનારના હાથમાં લોકસેવાની લોખંડી શક્તિ જન્માવે અને હૈયું મીણ જેવું મુલાયમ બનાવે તેવું આ પુસ્તક છે. આ જીવનચરિત્રનાં લેખિકા શ્રીમતી મીરાંબહેન ભટ્ટ સંત વિનોબાજીના આશ્રમમા ઉછરેલાં સમર્થ સર્વોદય કાર્યકર્તા છે. તેઓએ લખેલાં પ્રાણવાન સાહિત્યના અનેક પુસ્તકો પ્રગટ થયાં છે અને ખૂબ જ લોકપ્રિય બન્યાં છે. પુસ્તકનું પ્રકાશન શિશુવિહારની હીરક મહોત્સવ સમિતિએ કર્યું છે. આ પુસ્તકનાં પ્રકાશનનો મુખ્ય આશય એ બતાવવાનો છે કે નિષ્કામ અને નિ:સ્વાર્થ જનસેવાના પવિત્ર કાર્યમાં લોઢાકૂટીને જીવન ગુજારનાર સામાન્ય શ્રમજીવી પણ ઘણો મોટો ફાળો આપી શકે છે. નાનાં માણસો પણ ઘણાં મોટાં કામો કરી શકે છે. ભક્ત કવિએ કહ્યું છે:''મોટા કુહાડા કાંઈ ન કાપે, લોઢાં કાપે છીણિયું, ભાઈ એ વાતો છે જીણિયું.'' શ્રી માનભાઈના જીવનમાંથી આ હકીકત ચરિતાર્થ થાય છે. સ્વાવલંબી, આત્મનિર્ભર સામાન્ય માણસ પણ નરમાંથી નારાયણ બની શકે છે.

● શિશુવિહારનાં ભીંતપત્રમાંથી: રથયાત્રાનો રોગ: કહેવાતા ધર્મના પ્રચાર માટે થઈ, પ્રજાના આરોગ્યના સુધારા માટે, પાણીનો દુકાળ મટાડવા માટેના નાણા આજે સર્વત્ર રથયાત્રાની હોડમાં વેડફાય છે. તેનાથી લાખો રૂપિયાના આંધણ પછી પણ ધર્મ-અર્ધમ થતો જાય છે. પાણીનો દુકાળ વધતો જાય છે. અજ્ઞાન પ્રજાના ભૂખ-દુ:ખ વધતાં જ જાય છે, તો શા માટે પ્રજાના પૈસે આવો ખર્ચ થાય છે! સુખ-સગવડ માટે જેમ જેમ સાધનો વસાવતાં જઈએ છીએ તેમ તેમ અકલ્પનીય દુ:ખો વધવાના. જેના વિના ચાલી શકે તેવાં સુખ સાધનોની સગવડ ઓછી કરવાથી જ ગજા સંપન કમાણી ઉગી નીકળે છે. સાચો સંતોષ અને શાંતિ ભોગવવી હોય તો અપરિગ્રહ એ જ ઉત્તમ માર્ગ છે.

● કોઈ અણધાર્યા અવસરે ઓચિંતા જ પૂજ્ય દયારામ બાપા શિશુવિહારમાં પધાર્યા. સંસ્થાની પ્રવૃત્તિઓ નજરે નિહાળી. આ સંસ્થામાં બાળકો માટે એક રમકડાં ઘરની જરૂરિયાત જાણી. દયારામ બાપામાં નામ જેવા ગુણ છે. તરત જ રૂા. ૫૦,૦૦૦ની સહાય આપી. બાલદેવો માટે શ્રી બજરંગદાસ બાપા રમકડાં ઘર શરૂ કરવાનો આદેશ અને આશીર્વાદ આપી ગયા. સંસ્થાના સેવક સ્વ. ગોવિંદભાઈને નામે તૈયાર થયેલ ગોવિંદ ભવન તો તૈયાર જ હતું એટલે તેમાં તાત્કાલિક રમકડાં ઘર શરૂ થયું. પામતા પહોંચતા મા-બાપ પણ પોતાનાં બાળકો માટે ઘરમાં કેટલાં રમકડાં વસાવી શકે? અને વસાવે તોયે બાળકોને તો નિત્ય નવાં રમકડાં જોઈએ. જેની યોગ્ય વ્યવસ્થા સાર્વજનિક રમકડાં ઘર દ્વારા જ થઈ શકે. મોંઘાદાટ રમકડાં ઘરમાં વસાવી ન શકાય. શનિવાર સિવાયના બધા દિવસે સાંજના ૫થી ૭ આપનાં બાળકને સાથે લઈને રમકડાં ઘરની મુલાકાત લેવા જરૂર આવો.

● આજીવન સભ્ય કે સેવક? યોગક્ષેમ માટે મુંબઈમાં કારખાનું ચલાવતા શ્રી બટુકભાઈ ભાનુશંકર દવે ધંધામાંથી નિવૃત્ત થયા અને વહીવટ પોતાના સુપુત્રને સોંપીને ભાવનગર આવ્યા. શિશુવિહારની નજીકમાં જ પોતાની જરૂરિયાત મુજબનું મકાન ખરીદીને સ્થિર થયા. યોગક્ષેમ માટે ઈશ્વરની દયાથી જે અનુભવ મળ્યો તેનું ઋણ ચૂકવવા શિશુવિહારમાં આજીવન-અવેતન સેવક તરીકે કામે લાગી ગયા. જવાબદારીથી સેવા આપી રહયા છે. નિષ્કામ સેવા દ્વારા માનવજીવનને ધન્ય બનાવી રહયાં છે. સૌ નિવૃત્તભાઈ-બહેનોને શેષ જિંદગીનો નિજાનંદ માણવા અને અંતઘડી સુધી પ્રવૃત્તિમય રહેવા શિશુવિહારનું નિમંત્રણ છે.

● શ્રદ્ધાંજલી: શિશુવિહાર સંસ્થાના આજીવન સભ્ય પુણ્યાત્મા કલાવતીબહેન નાનજીભાઈનું દેહાવસાન થયું છે. પરમાત્મા સદગતના આત્માને ચિર શાંતિ

આપો તથા તેઓનાં કુટુંબીજનોને શક્તિ આપે તેવી પ્રાર્થના.

**માર્ચઃ** શિશુવિહારનું ભીંતપત્રઃ વડીલો અને મુરબ્બીઓ, અનેકવિધ આધિ,વ્યાધિ ઉપાધીઓ તો ચાલ્યા જ કરવાની. પરંતુ એ બધાની વચ્ચે જો ઈચ્છા અને અનુકૂળતા હોય તો મન મૂકીને અંતકડીની રમત રમવાનો આનંદ માણવા રવિવારે રોજ સાંજે ૫ વાગે સહકુટુંબ શિશુવિહારના વાનપ્રસ્થ ભવનમાં જરૂર પધારજો.

●યુવાન મિત્રો ઉઠો, જાગો, વાવો અને લણો. ખેડો ને ખાવ. આપણી ઉન્નતિ માટે સૌએ જાતે જ પ્રમાણિક પ્રયત્ન કરવાના છે. ઉમદા જીવન જીવવા કંઈક કરો, જેથી આપણું કલ્યાણ થાય અને બીજાને પ્રેરણા મળે. ઉત્તમ રીતે જીવીને કરેલા આપણાં કલ્યાણમાં જ સૌનું કલ્યાણ છે.

●ચૂંટણી કે ચુંથણી? સમાજમાં કૌટુંબિક ભાવનાથી અરસપરસનો ખ્યાલ રાખીને લોકજાગૃતિ માટે કાળજી રાખતા થઈએ એવા હેતુને કોરાણે મૂકીને અનેકવિધ પક્ષો, પંથો, પ્રપંચો અને ધર્મો રચીને માત્ર પોતાની સત્તા, વર્ચસ્વ અને માન્યતા સિદ્ધ કરવા માટે પક્ષોએ લોકશાહીને છિન્નભિન્ન કરી નાખી છે. તેમાંથી બચવાનો માર્ગ એક જ છે, સ્વયં જાગૃતિ. માત્ર પુસ્તકીયા જ્ઞાનથી, ગોખણીયા ભણતરથી કદાચ સત્તા, વર્ચસ્વ, સંપત્તિ, પગાર-પેન્શન વગેરે મળી શકે છે. પરંતુ ભીતરમાં પડેલા વેર-ઝેર, કપટ, ક્રૂરતા, કૃપણતા પ્રકારની શઠતા ઓગળતી નથી. આ માટે વારસાગત લોહીના સંસ્કારથી મળેલ હૈયાસૂઝ અને સારાસાર વિવેકની આવશ્યકતા રહે છે. બાળકોના ભાવિ પેઢીના વિકાસ માટે વાલીઓએ પોતે જ સજાગપણે સુધરવું જોઈએ. વ્યવહારની વિષમતા દિન પ્રતિદિન સુધારાના નામે વધતી જાય છે. આપણે ય રાડો, બૂમબરાડા પાડતા અનુકૂળ થઈ જઈએ છીએ. પરંતુ એથી મનનો વલોપાત નિરંતર વધતો જવાનો. મરવા વાંકે જીવીએ છીએ. આપણી અંગત જરૂરિયાત જોઈ, વિચારી ગજાસંપન રહેવાનો પ્રયત્ન કરીએ તો સદાય સુખ, શાંતિ અને સંતોષનો અનુભવ મેળવી શકાય તેમાં લેશ શંકા નથી. વિદ્વાન અને વિદ્વતા કોને કહેવાય? શિક્ષણનું સૌથી પહેલું કામ છે વ્યક્તિમાં વિચારોનું ઘમસાણ મટાડીને વિચારની સર્જક શક્તિ જગાડવાનું. ઉછીના વિચારો લઈને વાગોળ્યા કરવામાં કંઈ વિશેષતા નથી. દરેક ઘટના અને પરિસ્થિતિ વખતે વ્યક્તિ પોતે પણ વિચારી શકે અથવા જેની પાસે પોતાની આગવી દ્રષ્ટિ હોય તેને જ વિદ્વાન કહેવાય. પછી ભલે તેને પુસ્તકિયા જ્ઞાન ન હોય.

●શ્રદ્ધાંજલિઃ સંસ્થાના શુભેચ્છક અને ઉદારદિલ સહાયક પુણ્યાત્મા લાયન તુલસીદાસ રવજીભાઈ ગણાત્રા (મુંબઈ) સ્વ.રજબઅલીભાઈ તલાજાવાલા તથા સ્વ. દામોદરદાસ પ્રભાશંકર ભટ્ટના દેહાવસાનની નોંધ લેતા અત્યંત



દિલગીરી થાય છે. પરમાત્મા સદ્ગતના આત્માને ચિર શાંતિ આપો તથા તેઓના કુટુંબીજનોને તથા સગાસ્નેહીઓને વસમી વિદાયનું અસહ્ય દુઃખ સહન કરવાની ધીરજ અને શક્તિ આપો તેવી પ્રાર્થના છે.

●શિશુવિહારનું હીરક જયંતી વર્ષ હોઈને વૃદ્ધો માટે ગીતો ગાવાની સ્પર્ધા થઈ. તેમાં ૭૫ કે તેથી વધુ વયના ૨૦ જેટલાં ભાઈઓ-બહેનો પોતાને મનગમતું ગીત ગાવાની હરિફાઈમાં જોડાયાં. પહેલા,બીજા અને ત્રીજા ક્રમે આવેલાને રૂા. ૨૫૦, ૨૦૦ અને ૧૫૦નું રોકડ ઈનામ આપવામાં આવેલ.

**એપ્રિલઃ** ૬૧મો પ્રભુકૃપા નેત્રયજ્ઞઃ શિશુવિહારને આંગણે,તા. ૨૨-૩-૨૦૦૦થી તા. ૨૭-૩-૨૦૦૦ સુધી શ્રી મનુભા વખતસિંહ ચેરીટેબલ ટ્રસ્ટનાં સહયોગથી પુણ્યાત્મા સ્વ. સૂર્યાદેવી મૂળરાજસિંહ રાણાનાં સ્મરણાર્થે, ૬૧મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ થયો. આ નેત્રયજ્ઞની પૂર્વતૈયારી રૂપે મણાર લોકશાળામાં તથા મોટા ગોપનાથની લોકશાળામાં બે નેત્ર નિદાન કેમ્પ થયા હતા. તેમાં કુલ ૭૨૨ દરદીઓને તપાસવામાં આવ્યા. જરૂરવાળા ૮૧ દરદીઓ હતા. તેમાં ૩૯ ભાઈઓ અને ૪૨ બહેનો હતા. તે બધાને ભાવનગરની સર તખ્તસિંહજી હોસ્પિટલનાં આંખનાં દવાખાનામાં નેત્રમણિ મૂકીને મોતિયાના ઓપરેશનો કર્યા.

●ભાવનગર મોટર સંઘનો આભારઃ ભાવનગર મોટર સંઘ શ્રમજીવીઓની એક આદર્શ સહકારી સંસ્થા છે. તેના સ્થાપક શ્રી ઈન્દુભાઈ ચાતુર્વેદીને ભારત કક્ષાએ ટ્રાન્સપોર્ટ સમ્રાટનો એવોર્ડ મળેલ છે. શ્રી ઈન્દુભાઈ એક સારા પત્રકાર અને સૌરાષ્ટ્રનાં સૌથી જૂના અને જાણીતા 'ફૂલછાબ' દૈનિકના કસાયેલા ખબરપત્રી પણ છે. ભાવનગર મોટર સંઘની સુવર્ણ જયંતિની ઉજવણીનો મોટો મેળાવડો તા. ૨૫-૩-૨૦૦૦ ના રોજ દિલ્હી હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ માનનીય શ્રી બટુકભાઈ મહેતાના અધ્યક્ષસ્થાને થયો. આ પ્રસંગે શ્રી ઈન્દુભાઈએ ફૂલછાબમાં ઘણાં વરસો પહેલા શિશુવિહારની જનસેવાની પ્રવૃત્તિઓનો પરિચય આપતી લેખમાળા પ્રગટ કરેલ તે લેખમાળાને ભાવનગર મોટર સંઘે સેવા સંસ્કારનું ધામ-શિશુવિહાર એ નામની સુંદર સચિત્ર પુસ્તિકારૂપે ફરી પ્રગટ કરેલ છે. ભાવનગર મોટર સંઘ પોતાની રીતે લોકહિતનાં કાર્યોમાં ઘણી સહાય કરે છે. શિશુવિહારની પણ સંભાળ રાખે છે. શ્રી ઈન્દુભાઈએ આ પુસ્તિકાનું આલેખન કરીને ભાવનગર મોટર સંઘે તે પ્રગટ કરીને અને ભાવનગરની સુપ્રસિદ્ધ શ્રી ખી.લ. બહેરામુંગા શાળાના સ્થાપક અને સમર્થ સંચાલક શ્રી અનંતભાઈ (બબાભાઈ) શાહે પોતાની સંસ્થાનાં અદ્યતન મૂક પ્રિન્ટરી પ્રેસમાં સુંદર રીતે છાપીને શિશુવિહાર ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે તે બદલ આભાર

●બાલગીતોનો વર્ગઃ શિશુવિહારના હીરક જયંતી વર્ષ નિમિત્તે એક

અઠવાડિયાનો હાવભાવ સાથે બાલગીતો ગાતાં શીખવાનો વર્ગ થયો. તેમાં પાંચથી પંચોત્તેર વર્ષ સુધીના નાનામોટાં ૪૦ ભાઈ-બહેનો જોડાયાં હતાં. દાખલ થનાર દરેકને શિશુવિહારનું ૧૦૧ બાલગીતોનું પુસ્તક ભેટ આપવામાં આવેલ. આ વર્ગનું સંચાલન સંગીત વિશારદ બાલમંદિરના સંગીત શિક્ષક શ્રી દર્શકભાઈ ઓઝાએ કર્યું.

**મેઃ** કલા પ્રદર્શન ગૃહ: આર્ટ ગેલેરી: શિશુવિહારના હીરક મહોત્સવ વર્ષમાં એક કલા પ્રદર્શન ગૃહનું નિર્માણ કરવાનો નિર્ધાર કરેલો છે. તેના મકાન પાછળ ડોળ-દમામ અને દેખાવમાં મોટો અને ખોટો ખર્ચ ન કરતાં સાવ સાદુ અને કલાત્મક છતાં વધુ વ્યવહારુ અને કલાકારોની તથા જોનારાઓની કલાદૃષ્ટિ ખીલે તેવું ગૃહનિર્માણ કરવા વિચાર્યુ છે.આ કલા પ્રદર્શન ગૃહની રચના માટે એક કલા પ્રેમી સંસ્થાના પૂજારીએ રૂપિયા એક લાખ રકમની સ્વૈચ્છિક સહાય આપેલ છે. હજુ તેની રચના થાય તે પહેલા જ માલવી મીકેનીકના માલિક શેઠ ફારૂકભાઈએ ૧૨૦ ફુટ ઉમદા સાદડી મોકલી આપી છે. જે કામની શરૂઆત સારી થાય તે કામ અડધું થઈ ગયું ગણાય. અંગ્રેજીમાં કહેવત છે Well bigun is half done. આ આર્ટ ગેલેરી-કલા પ્રદર્શન-ગૃહ સૌને સુલભ અને સુગમ બને, અને કલાદેવીની સાધના અને આરાધનાનું મંદિર બને તેમ કરવાનો પ્રયત્ન થશે.

● હીરક વર્ષની ઉજવણીના ભાગરૂપે જોગીવાડની ટાંકી પાસેનાં સીદીકી બાલમંદિરનાં બાળકોને બોલાવ્યાં હતા. ૮૬ બાળકો માટે મનોરંજન, બાળગીતો અને રમતોનો ખાસ કાર્યક્રમ ગોઠવેલ હતો.

● ઉનાળાની રજામાં એક મહિનાનો વાર્તાપરબ વર્ગ શરૂ કરેલ છે. તેમાં ૬થી ૧૪ વર્ષનાં બાળકો રોજ સવારે ૮ થી ૧૦ આવે છે. તેને વાંચવા માટે બાલવાર્તાનાં પુસ્તકો આપવામાં આવે છે અને વાર્તાઓ કહેવામાં આવે છે. વાર્તાપરબમાં આવતા બાળકોને રોજ નાસ્તો અપાય છે. વાર્તાપરબની ટોકન ફી માત્ર રૂા. ૫ રાખવામાં આવેલ છે.

**જુનઃ** શિશુવિહારમાં ભાવેણાના શ્રેષ્ઠ નાગરિક અને શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન: વર્ષ ૨૦૦૦ની સાલના શ્રેષ્ઠ નાગરિક તરીકે અપંગો અને વિકલાંગોના અનન્ય સેવક શ્રી અનંતરાય કે. શાહ (બાબાભાઈ)નું અને શ્રેષ્ઠ શિક્ષક તરીકે ભાવનગર મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળા નં. ૧/૧ ના આદર્શ આચાર્યા શ્રી રસીલાબહેન બી. રાજ્યગુરુનું તા. ૨૮-૫-૨૦૦૦ ના રોજ સન્માન કરવામાં આવ્યું.

● શ્રદ્ધાંજલિ: મૂળ મહુવાના વતની પરંતુ મુંબઈમાં વસેલા શિશુવિહારના આજીવન સભ્ય સ્વ. રણછોડદાસ વ્રજલાલ પારેખના દેહાવસાનથી સંસ્થા પરિવારને એક સક્રિય શુભેચ્છકની ખોટ પડી છે. ઘણાં વરસો પહેલાં તેઓએ



શિશુવિહારમાં રાયફલ કલબની સ્થાપના માટે સહાય કરી હતી અને સાધનો વસાવેલાં હતાં. પરંતુ કહેવાતા કાયદાની આંટીઘૂંટીની દૃષ્ટિએ આ પ્રવૃત્તિ ચાલુ રાખી શકાય તેમ ન હોવાથી બંધ કરવી પડેલ. સંસ્થા પ્રત્યે તેઓની લાગણી કાયમ રહેલ.

**જુલાઈઃ** ડૉ.કમલેશ આવસત્થીનો સુગમ સંગીત કાર્યક્રમ: પ્રા.ડૉ.કમલેશ આવસત્થી ઘણાં વરસો શિશુવિહારના પડોશી રહયાં. નાનપણમાં શિશુવિહારમાં રમેલા અને ભણેલા શિશુવિહારની હાઈસ્કૂલમાં શિક્ષક હતા. આ બધા સંબંધો એવા છે કે કાયમ રહે અને તાજા રહે છે. હાલ કમલેશભાઈ પ્રાધ્યાપક તરીકે ભાવનગર યુનિવર્સિટીમાં છે. શિક્ષણ ક્ષેત્રે તેમણે ઘણી સિદ્ધિ હાંસલ કરી છે. સંગીત એમને મળેલી કુદરતી બક્ષિસ છે,જેમાં સપ્તકલાના સમયથી તેમણે સ્વયંભૂ એવી અનન્ય પ્રગતિ સાધી છે કે સુગમ સંગીતના તેના કાર્યક્રમો દેશ-પરદેશમાં હાઉસફૂલ રહે છે. બાળકને માતા પ્રત્યે સ્નેહ હોય તેવો શિશુવિહાર પ્રત્યે સ્વાભાવિક લગાવ છે. શિશુવિહારને પોતાની માતૃસંસ્થા ગણે છે. તેથી જ્યારે કહીએ ત્યારે શિશુવિહારની રંગભૂમિ ઉપર સુગમ સંગીતનો કાર્યક્રમ આપે છે. શિશુવિહાર હીરક જયંતી વર્ષ નિમિત્તે ડૉ.કમલેશભાઈના સુગમ સંગીતનો તથા ભજનોનો ખાસ કાર્યક્રમ થયો.

● કન્યા કેળવણીને પ્રોત્સાહન: ભાવનગરની ૬ કન્યા શાળાઓ નંદકુંવરબા કન્યાશાળા, મહાલક્ષ્મી ગર્લ્સ સ્કૂલ, જ્યોતિ મહિલા વિદ્યાલય, ત્રિભોવન ભાણજી જૈન કન્યાશાળા, મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલય અને માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલ.માં એસ.એસ.સી. (મેટ્રીક)ની છેલ્લી પરીક્ષામાં પોતાની શાળામાં જે બહેનો પહેલે, બીજે, અને ત્રીજે નંબરે પાસ થયા હોય તેને અનુક્રમે રૂા. ૨૫૧, રૂા. ૨૦૧ અને રૂા. ૧૫૧નો પ્રોત્સાહન પુરસ્કાર આપવા તા. ૨૪-૬-૨૦૦૦ના રોજ શિશુવિહારમાં ખાસ મેળાવડો રાખેલ. સ્વ. છોટાભાઈ એસ. પટેલ તથા સ્વ. સુશીલાબેન સી. પટેલ સ્થાપિત ચુડાવાળા શ્રી ધનજીભાઈ ચુનીલાલ કોઠારી (U.S.A.) બુક બેંકમાં ૫ થી ૧૨ સુધીના પાઠયપુસ્તકો અનામત લઈને આપવામાં આવે છે. શૈક્ષણિક વરસને અંતે પુસ્તકો પાછાં આપનારે અનામતની પૂરેપૂરી રકમ પાછી મળે છે. બુક બેંક તરફથી ચાલુ વરસે વિદ્યાર્થી ભાઈબહેનોને રૂા. ૧૦૬૯૫ ના પાઠયપુસ્તકો અપાયાં છે.

● શિશુવિહારમાં બહેનોનો વટસાવિત્રીની પૂજાનો ધાર્મિક તહેવાર દર વરસે ધામધૂમથી ઉજવાય છે. ગત વૈશાખી પૂનમને દિવસે મોટી સંખ્યામાં બહેનો વટવૃક્ષની પૂજા કરવા આવ્યાં હતાં. વટપૂજન વરસો પહેલા સંસ્થા પરિવારના સભ્ય સ્વ.શંભુભાઈએ શરૂ કરાવેલ. હવે આ કામ તેના સુપુત્રોએ

સ્વેચ્છાથી સ્વીકાર્યું છે.

● શિશુવિહારમાં ૧૯૪૮ થી ઈલેક્ટ્રીક્ના વ્યવહારૂ જ્ઞાનના વર્ગો ચાલે છે. ઘરગથ્થુ લાઈટ, પંખા, ઈસ્ત્રી, વોશિંગ મશીન, ઘરઘંટી, ફ્રીઝ, વાઈબ્રેટર વગેરે અસંખ્ય સાધનોમાં તેમજ નાના મોટા ઉદ્યોગોમાં ઈલેક્ટ્રીક્નો ઉપયોગ થાય છે. તેથી એ વિષયનું જ્ઞાન જરૂરી છે. તા. ૧૮ થી ૧૫ દિવસ સુધી સાંજે ૬ થી ૭ વીજળીના વર્ગો ચાલ્યા હતા. વિજળીના વર્ગો એક્સેલ ઈન્ડસ્ટ્રીઝના ઈલેક્ટ્રિશિયન ભાઈઓ ચલાવે છે.

● ઉનાળાના વેકેશનમાં હસ્ત ઉદ્યોગના અને વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાનાં જે વર્ગો ચાલ્યા તેમાં બનેલ ઉનનાં તોરણો,ચાકળા,ટેબલક્લોથ,રમકડાંઓ, વિવિધ પ્રકારની માળાઓ વગેરેનું એક પ્રદર્શન રંગભૂમિ ઉપર રાખ્યું હતું. હસ્ત ઉદ્યોગના ખૂબ સારાં છતાં સસ્તા નમૂના લોકોએ હોંશથી ખરીદ્યા હતા. રચના હોબી વર્ગમાં જુન-૨૦૦૦ થી સપ્ટેમ્બર -૨૦૦૦ સુધી દર શનિ-રવિ બાળકોના હસ્ત ઉદ્યોગના તથા ચિત્રના વર્ગો ચાલશે. અવનીબેન આ વર્ગનું સંચાલન કરે છે. જુનની પહેલી તારીખથી શિશુવિહારમાં શ્રી કે.ટી.મહેતા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી દૂધ કેન્દ્ર શરૂ થયેલ છે. સવારે બાલમંદિરનાં બાળકોને અને સાંજે ક્રીડાંગણમાં રમવા આવતા કિશોરોને દૂધ અપાય છે.

**ઓગસ્ટઃ** માનભાઈએ વસીયતમાં લખ્યું કે ''મારા દેહની રાખને ગંગાજીમાં પધરાવવાની જરૂર નથી પરંતુ શિશુવિહારનાં આંગણામાં બધે વેરજો જ્યાં સેંકડો બાલુડાઓની પગલીઓ રોજ રોજ એ રાખ ઉપર પડતી હોય અને ધબધબાટી બોલાવતી હોય. એ બાળકોના પગલાંને ધબકારે મારી રાખ પણ હંમેશા ધબકતી રાખજો.''

● શિશુવિહારની હીરક જયંતી પ્રસંગે ગુજરાતના વરિષ્ઠ પત્રકાર શ્રી ઈન્દુભાઈ ચાતુર્વેદી લખે છે, ''માનભાઈ મોટાભાગનું કામ જાતે કરે છે.'' રક્તદાન, ચક્ષુદાન કે દેહદાનની પત્રિકાઓ, ફોર્મ, રજિસ્ટર, કોની જરૂર છે અને ક્યાંથી મેળવવાનું છે તેના નામ - સરનામાની અપટુડેઈટ નોંધ તેમની પાસે પોતે જ તૈયાર કરેલી રાખે છે. અડધી રાતે કે ખરે બપોરે, ઢળતી સાંજે કે વહેલી સવારે કોઈનો પણ ફોન આવે એટલે ફટ દઈને ચોપડી કાઢી, જે તે ડૉક્ટરોનો સંપર્ક સાધી ઉપડયા જ હોય. સંસ્થા પાસે કોઈ વાહન નથી. રીક્ષા લઈને પહોંચી જાય. રક્તદાન, ચક્ષુદાન કરનારાનાં કુટુંબીજનોનું સંપૂર્ણ માનપાન-લાગણી જળવાય તેની તકેદારી રાખે. આવા ઉમદા કાર્ય માટે દાતાઓને અભિનંદનપત્ર, પ્રમાણપત્ર કે જે કાંઈ આપવાનું હોય તે પણ જાતે જઈને આપી આવે. આ અંગેની સંપૂર્ણ નોંધ પોતે જ રાખે.

● રમત-ગમતનાં સાધનોની ડીઝાઈન, ફેબ્રીકેશન, મકાન બાંધકામ,



રંગકામ, આયોજન, દરેક મટીરીયલ્સનાં ભાવો, બિલો, વાઉચર, ચૂકવણી, હિસાબો આપવાનું, લેવાનું, પત્રવ્યવહાર, ઝીણું મોટું તમામ કામકાજ પોતે કરે અને છતાંય બધું યાદ હોય. દરેક કામની ફાઈલ, રેકોર્ડ એટલું વ્યવસ્થિત કે ફટ દઈને મળે. આટલી પ્રવૃત્તિ સરકારી સંસ્થા કરતી હોય તો હોલ ભરાય તેટલો સ્ટાફ અને સાહેબોની કેબિનોની લાઈન થઈ હોત. કેટલી કરકસરથી વ્યવસ્થિત વહીવટ એક નાનકડી ૧૫ ફૂટ × ૧૨ ફૂટની ઓફિસમાં ચાલે છે તે તો જોઈએ ત્યારે જ ખાત્રી થાય. આજે હાડ હાડ સ્વાર્થના આ યુગમાં માત્ર સમાજસેવા માટે માનભાઈ અને સાથી મિત્રોનું વૃંદ, જે ભાવનાથી નિઃસ્વાર્થભાવે નિષ્ઠાથી કામ કરી રહ્યું છે તે જોઈએ ત્યારે ખાત્રી થાય કે ખારા સમંદરમાં મીઠી વીરડીનાં દર્શન કર્યા હોય તેવો અનુભવ થાય. આ દેશની સંસ્કૃતિ, ભારતીય મૂલ્યોની પરંપરા અને ગાંધીવાદની સેવા મૂડી ઘસાયાં છતા, સ્વાર્થનાં કાળાડિબાંગ વાદળો વચ્ચે પણ આવી સેવાની વીજળી ઝબૂકે ત્યારે, સમગ્ર જગત પ્રકાશનો વિસ્મયકારક અનુભવ અને અનુભૂતિ કરે ત્યારે, જાણે જગતમાં મિથ્યા શું અને સાચું શું, સંસારનો મોહ શું અને ઈશ્વર પાસે લઈ જવાનું ભાથું શું, તેનો જાણે સાક્ષાત્કાર થતો હોય તેવું લાગે!!!

● શિશુવિહાર હીરક જયંતી મહેત્સવ પ્રસંગે ડૉ.પ્રીતિબહેન રવિશંકર ભટ્ટની સંગીત સંધ્યાઃ S.N.D.T. યુનિ.મુંબઈના સંગીત વિભાગના વડા ડૉ. પ્રીતિબહેન ભટ્ટની સંગીત સંધ્યાનો કાર્યક્રમ વાલીમા વાનપ્રસ્થભવનમાં યોજાઈ ગયો.

● શિશુવિહાર બુધસભાઃ દર બુધવારે સાંજના ૭ થી ૮ કવિમિત્રો અને સાહિત્યપ્રેમીઓ અચૂક મળે છે. જૂલાઈ માસમાં કવિ શ્રી દાન વાઘેલા, કવિ શ્રી રાહી અંધારિયા તથા શ્રી મહેન્દ્રભાઈનું બુધસભા દ્વારા મોતીની માળા અને ખાસ સ્મૃતિ ભેટથી સ્વાગત કરવામાં આવેલ હતું.

● જૂલાઈ માસમાં શ્રી નંદકુંવરબા રાજપૂત વિદ્યાલયનાં ૧૦૦, રૂપાણી બાબાભાઈની ચાલીના ૪૬, અલમહદી બાલમંદિરનાં ૨૦૦, દિવાળીબાઈ છગનલાલ બાળશાળાનાં ૧૫૦, મહાલક્ષ્મી બાલમંદિરનાં ૧૫૮ તથા માછીમાર અવૈધિકશાળાનાં ૧૮ બાળકો મળી કુલ ૬૭૨ બાળકો બાલદેવવનમાં ફરવા અને રમવા આવ્યાં હતાં. બધાં બાળકોને બિસ્કીટની પ્રસાદી આપીને સ્વાગત કરવામાં આવેલ. બાળકો સાથે આવેલ શિક્ષકગણને બાળકેળવણી અંગેનું સંસ્થાએ પ્રગટ કરેલું સાહિત્યભેટ આપવામાં આવેલ.

**સપ્ટેમ્બરઃ** શિશુવિહાર સ્કાઉટ ગાઈડઃએક્સેલ ઈન્ડસ્ટ્રીઝના સલામતી સુપરવાઈઝર શ્રી જે.એ.જરીવાલાએ દક્ષિણામૂર્તિના તથા શિશુવિહારના સ્કાઉટ તથા ગાઈડના ભાઈ બહેનોને આગ ન લાગે તે માટે સલામતીના શું

પગલાં લેવા જોઈએ અને આગ લાગે ત્યારે જાનમાલના બચાવ માટે શું કરવું જોઈએ તેનું વ્યવહારુ અને ઉપયોગી બહુ સરલ માર્ગદર્શન આપ્યું હતું.

● શિશુવિહારની હીરક જયંતી નિમિત્તે ગણપતિનાં ચિત્ર દોરવાની સ્પર્ધા થઈ. તેમાં ૩૮૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો. ગણપતિના ચિત્રમાં રંગ પૂરવાને બદલે રંગીન કાગળ ચોટાડવાના હતા. ૫ થી ૧૦ ધોરણના વિદ્યાર્થીઓને ધોરણવાર પહેલાં, બીજાં અને ત્રીજા ક્રમે આવનારને રૂા. ૧૦૦, ૭૫ અને ૫૦ના રોકડ ઈનામો અપાયા.

**ઓક્ટોબર:** બેસતાં વર્ષના દિવસે (તા.૨૬-૧૦-૨૦૦૦) શિશુવિહારની સ્થાપનાને ૬૦ વર્ષ પૂરા થઈને ૬૧મું વર્ષ બેસે છે. સંસ્થાની નિષ્કામ જનસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ એટલે તરસ્યાને માટે વસુધૈવ કુટુંમ્બકમ્‌ની ભાવનાથી ચાલતું પરબ. જિજ્ઞાસુઓ અને જરૂરિયાતવાળાને પોતાનાં માની માતૃવત્ સંભાળ લેવાનો પ્રયત્ન કરતી સંસ્થા. પ્રભુપ્રીત્યર્થે ચાલતાં સેવાકાર્યોમાં યથાશક્તિ, યથામતિ સહાયરૂપ બનેલા સંસ્થા પરિવારના સર્વે સભ્યો, સ્વૈચ્છિક દાતાઓ તથા નિષ્ઠાવાન કાર્યકર્તાઓ, વિદ્યાર્થીઓ તથા વાલીઓને નવા વર્ષના હાર્દિક અભિનંદન સાથે વંદન.

**નવેમ્બર:** શિશુવિહારનો વિશાળ પ્લોટ પહેલા ખાડા ટેકરાવાળી ખરાબાની જમીન હતી. તેને સમથળ કરવા ઘણું પુરાણ કરવું પડયું છે. અમુક ભાગમાં તોડી ન તૂટે તેવી પથરાળ જમીન પણ હતી. તેના પર આર્થિક સગવડતા અને જરૂરિયાત મુજબ કટકે કટકે બાંધકામ થતું ગયું. અત્યાર સુધી તેને કશી આંચ આવી નથી. પરંતુ ધરતીકંપના વારંવાર આંચકા આવવાથી પુરાણવાળી જમીન ઉપરના કેટલાક મકાનો થોડા બેસી ગયા છે અને તેમાં તીરાડો પડી છે.સદ્‌ભાગ્યે જુદા જુદા અનેક વિષયના નિષ્ણાતો શિશુવિહારને જરૂર પડે ત્યારે પોતાની સલાહની માનદ સેવા આપતા હોય છે. એ રીતે ધરતીકંપથી સંસ્થાના મકાનોને થયેલ નુકસાન અંગે પણ અમે તેઓની સલાહ માગી લીધી છે પરંતુ આવા પ્રસંગે નિષ્ણાતો પણ પોતાની સલાહમાં કેટલીકવાર એકમત નથી હોતા. કોઈ એમ કહે છે કે આ નુકસાનનો મોટોભાગ રીપેર થાય તેમ નથી એટલે મકાનને ફરી પાયાથી ચણવું. કેટલાક એમ માને છે કે મોટોભાગ રીપેર કરી શકાય તેવો છે. કુદરત શું સંકેત આપે છે તે બારીકીથી જોવાનું રહયું. પરંતુ એક વાત ચોક્કસ છે કે બાલદેવવન પાસેનું એક મકાન ઉતારી લેવું પડશે.

● સંસ્થાનો ૪૮મો અને સ્વ. ન્યાલચંદભાઈ વકીલની પુણ્યસ્મૃતિનો ૯ મો વૃદ્ધ સન્માન સમારંભ રવિવારે શિશુવિહારની રંગભૂમિના મંડપમાં ઉજવાયો. કાર્યક્રમ સવારે ૯:૩૦ વાગે શરૂ થયો. પ્રવેશ સાથે જ વડીલોને બટેટાં-પૌઆ અને કેસરી દૂધનો નાસ્તો અપાયો. દરેકને સ્મૃતિભેટનો સારી બનાવટનો મોટો ટુવાલ પણ ભેટ અપાયો.

**ડીસેમ્બર:** શિશુવિહાર પરિવારના સભ્યો અને શુભેચ્છકોને વંદન. આપણી શિશુવિહાર સંસ્થાનું હીરક જયંતી વર્ષ (૬૦મું વર્ષ) ચાલે છે. આ નિમિત્તે, જેવી રીતે અગાઉ સુવર્ણ જયંતી વર્ષ પ્રસંગે મળ્યા હતા તેમ ફરી હીરક જયંતી વર્ષ પ્રસંગે આપણે સૌ તા.૨૪-૧૨-૨૦૦૦ રવિવારના રોજ સવારના ૯:૩૦ થી ૬:૦૦ સુધી આખો દિવસ શિશુવિહારમાં ભેળાં મળીશું, સંસ્મરણો વાગોળીશું, સાથે ગાશું, ખાશું, પીશું અને આનંદ કરીશું અને ૯૪ વર્ષના પૂ.માનભાઈને વંદન કરીશું. સમયસર આવી પહોંચશો. શિશુવિહારના જૂના સંસ્મરણો તાજા કરી ગમતાનો કરીએ ગુલાલ એ તૈયારી સાથે આવશો. આભાર. આપ સૌના મિલનની પ્રતિક્ષા સહ.

શિશુવિહારનું દૈનિક ભીંતપત્ર :આપણે આપણી જાતને સમજપૂર્વક સંભાળીએ એ જ ઉમદા સેવા ગણાશે. જે પોતાને સંભાળી ન શકે તે બીજાને સંભાળવાનો ડોળ-દંભ કરે પણ માનવીય ધર્મ અનુસાર પુણ્યકાર્ય કરી શકતો નથી. જાત સુધાર કરીને નિજાનંદ માણીએ.મોંઘવારી કોઈનાથી અટકાવી શકાય તેમ નથી. ભલે આગેવાનો ગમે તેટલી લવારી કરે. આ બધા વચ્ચે સુખ શાંતિમય જીવન જીવવા ગજા-સંપત રહેવાની કળા સૌએ સાધવી પડશે. મુખ્યત્વે કરકસર, ઓછી જરૂરિયાત અને સાદી રહેણીકરણી એ જ ઉપાય છે. નિવૃત્ત વયોવૃદ્ધજનોએ પરમાર્થે પ્રવૃત્ત રહી નિવૃત્તવય પુણ્યમય કરવી જોઈએ. ઈચ્છા અને અનુકૂળતા હોય, મન વધે અને સંસારી કલેશ-કકળાટથી બચવાની ગરજ હોય તો સાંજના ૫ થી ૭ શિશુવિહારના કાર્યાલયમાં મળો. નાનાં બાળકો માટે માસિક ફક્ત પાંચ જ રૂપિયામાં દરરોજ ઘઉં, મગ, શીંગ, તલ અને ચણાની ચીકી સાંજના ૫ વાગે શિશુવિહાર ક્રીડાંગણમાં મળશે. આચરકૂચર પાછળ પૈસાનો બગાડો કરી બાળકોની તંદુરસ્તી બગાડવાનું પાપ કરતા અટકો. બાળકોને ખાસ જરૂર છે પૌષ્ટિક આહારની. વિદ્યાર્થીઓ ભણીને ભુંડું લખતા શીખે, જ્યાં ત્યાં અટકચાળા કરતાં થાય, ખોટી લવારી કરતાં થાય, અકારણ હોહા અને બૂમો પાડતાં થાય તો મોટાં થયા પછી નિર્માલ્ય મવાલીઓ જ બનવાનાં. ભાગ્યવશાત્ પૈસો, નોકરી કે ધંધો મેળવે તો એ પણ એ હેવાનિયતથી ભરેલું હશે! બચપણથી જ સારી ટેવો કેળવો. ઉમદા ટેવો કેળવી પોતાની જાતને ઉપયોગી માણસ બનાવો. જગતમાં જન્મ લઈને જીવન સાર્થક કરવા વિદ્યાર્થી અવસ્થા જ શ્રેષ્ઠ સમય છે. બચપણથી જ બીજાઓ શું કરે છે તે જોયા વિના કે દેખાદેખી કર્યા વિના જાતે સાદા, ખડતલ, વિવેકી, કામદા, કરકસરિયા બનો. એ જ સાચું ભણતર ગણાય. આવા સદ્‌ગુણો કેળવવા માટે

વિદ્યાર્થી અવસ્થા ઉત્તમ છે. બાલમિત્રોને નમ્ર સુચનઃ માતાપિતાએ જન્મ આપ્યા પછી ધીમે ધીમે સમજ વધે તેમ આપણી જાતે જ જે કંઈ સાચું લાગે તેમાં આગળ વધતા રહી માતાપિતાં કરતાં સવાયું ઉચ્ચતર જીવન જીવીએ. એ માટે સૌએ જાતે જ પ્રયત્નશીલ રહીને સાદાઈ, કરકસર, ખડતલપણું, વિનય-વિવેક કેળવવાં પડશે. બીજા ઉપર આધાર રાખનાર દુઃખી થાય છે. નિર્માલ્ય બને છે. વિદ્યાર્થી અવસ્થા જ ઉન્નતિ સાધવાનો સમય છે. એ વાત ભુલશો તો અમૂલ્ય જીવન એળે જશે. કેળવણી, તાલીમ, સ્વયંશિસ્ત વિનાનાં પ્રજાસત્તાક રાજ્યમાં વિકૃતિના વંટોળ ચડયા છે. અરાજકતા વધતી જાય છે. તેમ છતાં વર્ષો જૂની ગુલામીમાંથી જે મુક્તિ મળી છે તે પ્રત્યે રાષ્ટ્રપ્રેમ કેળવવા કટિબદ્ધ થઈને વંટાળે ચડેલ વિકૃતિ વાયરસને વશ કરી શકીશું અને પ્રજાસત્તાકની સાચી ભાવના કેળવીશું. કરો કરો કંઈક કામ સારા. પોતાનું તો ઢોર-ઢાંખર, કાગડા-કુતરા પણ કરે છે. તે બધાં આપણને અદીઠપણે ઉપયોગી પણ થાય છે. ત્યારે આપણે શું કરવું તે સૌ જાતે જ વિચારીએ. સમય કપરો આવતો જાય છે. બેકારી અને ભૂખમરો વધતા જાય છે. તેની સાથે બિનજરૂરી ઉફાનવેડા વધતા જાય છે. મર્યાદા ચૂકાતી જાય છે. સાધનસંપન્નોએ અભરખો પૂરો કરવા ભ્રષ્ટાચાર, છેતરપીંડી અને લાંચરૂશવતને રસ્તે દોટ મુકી છે.

● શિશુવિહારના સંનિષ્ઠ નિવૃત્ત કર્મચારી શ્રી લલિતામા ૧૦૦ વરસ પૂરા કરીને તા. ૪-૧૨-૨૦૦૦ ના રોજ દેવલોક પામ્યાં છે. સંસ્થાએ દિવાળીબેન છગનલાલ પ્રાથમિક શાળા શરૂ કરી ત્યારથી હજારો બાળકોને તેની ઉત્તમ સેવાનો લાભ મળેલ હતો. પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના છે.

● ઓક્ટોબરઃ શિશુવિહાર સ્કાઉટ ગાઈડના ઓપન ગ્રુપના ગાઈડ કુમારી અવનીબેન ભટ્ટ ગાઈડ કેપ્ટનની ટ્રેઈનીંગ લેવા રંઘોળા પાસે આવેલ ૐ કાર સ્કૂલમાં જઈ આવ્યાં. આ તાલીમ વર્ગ દસ દિવસ ચાલ્યો હતો.

● ધરતીકંપ તથા અન્ય કુદરતી હોનારતમાં રક્ષણ કેવી રીતે કરવું તેના ભાવનગરમાં બે ખાસ વર્ગ ચાલ્યા. પહેલો વર્ગ એક્સેલ ઈન્ડસ્ટ્રીઝમાં. બીજો વર્ગ શિશુવિહારમાં ૨૦ જુવાનો જોડાયા હતા. આ વર્ગમાં તાલીમ આપનાર શ્રી હરેશભાઈ ખાસ અમદાવાદથી આવ્યા હતા. તેઓ આ વિષયોના ઉત્તમ અને ઉત્સાહી જાણકાર હોવાથી વર્ગમાં દાખલ થયેલાને ઘણું શીખવાનું મળ્યું. દરરોજ ચા-પાણી અને નાસ્તાની સગવડ સંસ્થા તરફથી થઈ હતી.



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબરઃ 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar
Shishuvihar Bhavnagar
Shishuvihar
Shishuvihar

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, સૃષ્ટિબેન સોલંકી, દક્ષાબેન ગોહેલ, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR ( GUJARAT ) AND PRITNED AT SUMEET PRINTERS, NEAR D.S.P. OFFICE, BEHIND MANUBHAI GATHIYAWALA, NAVAPARA ROAD, BHAVNAGAR, 364001. ( GUJARAT ) INDIA MOBILE : +91 9924986199